જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૧/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૧	૧૨૮	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૦૬૫૭	૧૫૭	૮૦૮૧૪	૮૧૬૯૪	૧૫૭	૮૧૮૫૧
કુલ		૯૭૨૫૫	૧૫૮	૯૭૪૧૩	૧૦૬૨૨૩	૧૫૭	૧૦૬૩૮૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૦	૨,૪૯,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫૭	૮,૫૭,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૨૮ લીટર દેશી દારૂ, ૧૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૭૩/૨૦૨૨**

નવરંગપુરાઃ અંકિતકુમાર ચીમનલાલ ઠક્કર (ઉ.વ.૩૧)(રહે.આસ્થા હોમ્સ અનુરાગ બંગ્લોઝ સામે સીમ્સ હોસ્પિટલની બાજુમાં સાયન્સ સીટી સોલા) એ તા.૨૬/૦૧/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા, સરદાર પટેલ સ્ટેડીયમ સામે આવેલ આકૃતી કોમ્પલેક્ષમાં આવેલ ઓફિસ નંબર-એફ.એફ/૧૧૦ “આઇડીયલ કોમ્યુનિકેશન” નામની ઓફિસ ખાતે આરોપી (૧)આનંદભાઇ અશોકભાઇ રાવલ અને (૨) અશોકભાઇ હિરાલાલ રાવલ (બંને રહે આઇ.સી.બી પાર્ક, ગોતા) એ ભેગા મળી સોનાની યોજનામાં રોકાણ કરીશ તો એક વર્ષમાં ૨૫૦ ગ્રામ સોનાની લગડી આપવાની લાલચ આપી, અંકિતકુમાર પાસેથી ટુકડે-ટુકડે રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/- અને શેર અને મ્યુચીયલ ફંડ રીલીઝ કરાવવા સારૂ અંકિતકુમાર પાસેથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- તેમજ રેડમી કંપનીના મોબાઇલ નંગ-૪૫ કિંમત રૂપિયા ૫,૬૨,૫૦૦/-, ઓપ્પો મોબાઇલ નંગ-૨૫ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/-, વીવો મોબાઇલ નંગ-૮ કિંમત રૂપિયા ૧,૩૬,૦૦૦/-, રેડમી મોબાઇલ નંગ-૧૪ કિંમત રૂપિયા ૧,૦૪,૪૦૦/- મળી કુલ રૂપિયા ૧૨,૦૨,૯૦૦/- મતાના મોબાઇલ ફોન મેળવી લઇ, તે મોબાઇલ ફોન વેચી દઇ તે વેચાણના કુલ રૂપિયા ૨૩,૦૨,૯૦૦/- અંકિતકુમાર પાસેથી મેળવી લઇ બાકી લેવાના નીકળતા રૂપિયા આજદિન સુધી પરત નહી આપી અંકિતકુમાર સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

ઘરફોડ ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૭૪/૨૦૨૨**

નરોડાઃ રઘુવીરસિંહ કરણસિંહ ગોહિલ (રહે.કેશવપાર્ક વિભાગ-૨ કઠવાડા રોડ નવા નરોડા) એ તા.૨૬/૦૧/૨૦૨૨ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૧/૨૦૨૨ કલાક ૯/૦૦ થી તા.૨૬/૦૧/૨૨ સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાનો હાર કિંમત રૂપિયા ૭૫,૦૦૦/-, કાનની કડી નંગ-૨ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાની વિંટીઓ નંગ-૨ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૭૫/૨૦૨૨**

બાપુનગરઃ ચેતનભાઇ બળદેવભાઈ દેસાઈ (રહે.જોરાભાઇની ચાલી કરશનનગર ગેટ નંબર-૨૦ સામે ગજરાનગર ભવાનીનગર રબારી કોલોની ઓઢવ) એ તા.૨૬/૦૧/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૧/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન બાપુનગર દિનેશ ચેમ્બર બ્રીજ નીચે લાપીનોજ પીઝા સામે પાર્ક કરેલ પોતાની એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

પાંચમા માળથી પડી જતાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૭૬/૨૦૨૨**

વટવાઃ અંજલીદેવી વા/ઓ અવનીશકુમાર સવિતા (ઉ.વ.૧૯) (રહે.કુશાલ આવાસ યોજના રાઇસ મીલ પાસે વટવા) તા.૨૫/૧/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ફ્લેટની ગેલેરીમા કપડા સુકવતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.